# 21st Meeting of SCO Council of Heads of State in Dushanbe, Tajikistan

September 15, 2021

---

# દુશામ્બે, તાજિકિસ્તાન ખાતે એસસીઓ કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટની 21મી બેઠક

September 15, 2021

1. એસસીઓ કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટની 21મી બેઠક 17 સપ્ટેમ્બર 2021ના રોજ દુશામ્બે ખાતે હાઈબ્રિડ સ્વરૂપમાં યોજાશે. આ બેઠકનું અધ્યક્ષપદ તાજિકિસ્તાનના રાષ્ટ્રપતિ મહામહિમ ઇમોમાલી રહેમાન સંભાળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય પ્રતિનિધિમંડળનું અધ્યક્ષપદ સંભાળશે અને વીડિયો લિંક દ્વારા સત્રને સંબોધન કરશે. વિદેશમંત્રી ડો. એસ જયશંકર દુશામ્બે ખાતે ભારતનું પ્રતિનિત્વ કરશે.

2. એસસીઓ સમિટમાં એસસીઓ સભ્ય દેશોના નેતાઓ, નિરીક્ષક રાજ્યો, એસસીઓના મહાસચિવ, એસસીઓ પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખા (આરએટીએસ)ના કાર્યકારી નિયામક, તુર્કમેનિસ્તાનના પ્રમુખ અને અન્ય આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેશે.

3. આ સૌપ્રથમ એસસીઓ સમિટ છે જે હાઇબ્રિડ ફોર્મેટમાં યોજાઇ રહી છે અને એવી ચોથી સમિટ છે જેમાં ભારત એસસીઓના સંપૂર્ણ સભ્ય તરીકે ભાગ લેશે. આ સમિટ મહત્વની છે કારણ કે સંસ્થા આ વર્ષે તેની 20મી વર્ષગાંઠ ઉજવી રહી છે. આ મંત્રણામાં નેતાઓ દ્વારા છેલ્લા બે દાયકાઓમાં સંસ્થાની પ્રવૃત્તિઓની સમીક્ષા કરવામાં આવશે અને રાજ્ય અને તથા ભાવિ સહકારની સંભાવનાઓની ચર્ચા કરવાની અપેક્ષા છે. તેમાં પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 15, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.